


વિપત્તિઓની ઝડીઓને સહિષ્ણુ બની ઝીલવી એનું નામ જ તપ. જે મનુષ્ય આવા વિષમ પ્રસંગે સહિષ્ણુતા દાખવી શકે એ જ ખરો તપસ્વી.

ચિત્રભાનુ

# દિવ્યદીપ

## ❀ સહજ પ્રમાણિકતા ❀

• પેરિસમાં તા. ૧૩-૪-૭૦ સાંજે ડોમ્યુસ મેડીકાના હૉલમાં સ્વામી રંગનાથનંદ અને મારું સહપ્રવચન હતું. સાડા આઠના ટકોરે અમે ખંડમાં પ્રવેશ કર્યો ત્યારે હૉલ ચિકાર હતો. પહેલાં સ્વામિએ પ્રારંભ કર્યો અને ઉત્તરાર્ધનો ઉપસંહાર મેં કર્યો. પ્રવચન પછી બહાર નીકળતાં હૉલની પરસાળમાં સરસ એક ટેબલ પર એક ઉમદા રૂમાલ બિછાવેલો હતો. એના ઉપર એક પેટી અને બાજુમાં ટિકિટની ચુકો હતી. મેં પૂછ્યું: "આ શું છે?" "કેમ?, આપને ખબર નથી? પ્રવચન સાંભળવા આવનારને લેવાની આ ટિકિટો છે અને તેના પૈસા નાખવાની આ પેટી છે. આ હૉલનું ભાડું, છાપામાં કરેલી જાહેરાત વગેરેનો ખર્ચ આમાંથી જ નીકળે ને?" મારી જિજ્ઞાસા વધી ગઇ: "પણ આ વેચનાર તો અહીં કોઈ છે નહિ? પૈસાનો હિસાબ કોણ લે?"

"મુનિજી! આ લોકો આધ્યાત્મિક પ્રવચન સાંભળવા આવ્યા છે. એમના માટે હિસાબનો વિચાર થાય? એ કદી ફોગટ સાંભળીને જાય ખરા? દરેક આવતા જાય, ચાર ફ્રાન્ક પેટીમાં નાખતા જાય અને ટિકિટ ફાડીને લેતા જાય." ભારતના ધર્મસ્થાનોમાં મેં આવું કદી જોયેલું નહિ એટલે મને જરા શંકા થઇ કે લાવ, પેટી ખોલાવી નજરો નજર જોઉં કે અંદર પૈસા તો છે ને? પણ એમ કરવા જતાં કદાચ ભારતના માનસ માટે એમને કોઈ સામી શંકા ઊભી થાય એટલે સ્મિત કરી હું આગળ વધ્યો.

ચિત્રભાનુ

વર્ષ ૬ : અંક ૧૨ : જુન

# પત્ર પ્રસાદી

Suresh L. Shah
4417, Second Ave.
Apt. C-11
Detroit, Mich.
48201, U. S. A.

પૂ. ગુરુવર,

લિ. ડીટ્રોઈટથી સુરેશના વંદન.

મેં આપના વિષે ઘણું સાંભળ્યું છે. પરંતુ હજી સુધી આપને પ્રત્યક્ષ મળવાનો, સાંભળવાનો લ્હાવો મળ્યો નથી. દેશ પાછા ફર્યા બાદ સૌ પ્રથમ આપને મળવાની મ.રી ઈચ્છા છે.

થોડા સમય પહેલા જ મને સમાચાર મળ્યા કે આપ વિમાનમાં બેસી જીનીવા ધર્મપરિષદમાં ભાગ લેવા જૈન ધર્મનો ડંકો વગાડવા ગયા હતા. સમાચાર સાંભળી મારું હૈયું નાચવા લાગ્યું. ઘણા સમયથી મને લાગતું હતું કે જૈનધર્મ જો સમય સાથે કદમ નહીં મિલાવે, જો એના જૂના સિદ્ધાંતોને સમય અનુસાર ન બદલે તો થોડા સમયમાં હતો ન હતો થઈ જશે. સિદ્ધાંતોની દૃષ્ટિએ જૈન ધર્મ શ્રેષ્ઠ છે. એમાં કોઈ પણ શકાને સ્થાન નથી. તેમ છતાં પણ બદલાતા સમય સાથે, બીજા ધર્મની હરીફાઈમાં જો જૈનધર્મના સિદ્ધાંતોને ધર્મની કીર્તિને આંચ ન આવે એ રીતે જો બદલવામાં નહીં આવે તો એ ભારતની બહાર ન.મના નહીં ફેલાવી શકશે અને ભારતમાં જ દફનાઈ જશે. પરંતુ મારી એ ચિંતાના અંધકારને દૂર કરે એવા આ સમાચાર મેં સાંભળ્યા. મારા હૃદયના ખૂણેખૂણામાં અજવાળું પથરાયું. જૈન ધર્મની વિજયદેોટ ફરીવાર શરૂ થશે, જે હાલ અટકી ગઇ હતી. જૈનધર્મમાં ક્રાંતિના આ સમાચાર હરેક વિચારશીલ જૈનના મનને પ્રફુલ્લિત કરી દેશે.

મને વિશ્વાસ છે કે જે ક્રાંતિની જ્યોત આપના જેવા મહાન, વિદ્વાન, પુરુષાર્થીના હાથમાં છે એ ક્રાંતિ જૈન ધર્મને સર્વધર્મોમાં શ્રેષ્ઠ છે એમ પૂરવાર કરીને જ રહેશે. તેમ છતાં પણ જો આપની સાથે વધુ માણસો આવી કદમ મિલાવે, વિદ્વાન, નવજવાન અને વિચારશીલ માણસો આપને મદદ કરે તો એ જ્યોતની વિજયદેોટ વધુ વેગવંત બને. મને ખબર નથી કે હું આપને કઈ રીતે મદદરૂપ થઇ શકું તેમ છતાં પણ જો હું આપને કોઇપણ રીતે મદદરૂપ થઇ શકું તો હું મારી જાતને ભાગ્યવાન સમજીશ.

લિ. સુરેશના વંદન.

વરલી : તા. ૫-૬-૭૦

સુચિંતક શ્રી સુરેશભાઈ,


ધર્મલાભપૂર્વક લખવાનું કે શુભેચ્છાઓ અને જૈનધર્મના વિકાસની ઉત્કૃષ્ટ ભાવનાઓથી ભરેલો તમારો પત્ર મળતાં અત્યંત હર્ષ થાય છે.

પશ્ચિમની ધરતીમાં આટલે દૂર દૂર હોવા છતાં તમે જે અહિંસા અને અનેકાન્તના સિદ્ધાંતોમાં આટલો ઊંડો રસ લો છો તે તમારી ભવિતવ્યતા અને સંસ્કારિતાના શુભ સૂચનો છે.

સર્વધર્મ શિખર પરિષદમાં જૈનધર્મને રજૂ કરવાનો મને અવસર મળ્યો તેથી હું અત્યંત પ્રસન્ન છું. વિશ્વના સર્વધર્મના આચાર્યો પોતપોતાના ધર્મ વિષે બોલે અને જૈનધર્મ ઉપર કોઈ જ નહિ? આ વિચાર દુઃખદ હતો, અને એથી જ મારે આ પગલું ભરવું પડ્યું.

લોકોએ આ પગલાને ગમે તે રીતે જોયું હોય પણ મેં તો અંતઃપ્રેરણાથી અને જૈન સિદ્ધાંતો પ્રત્યે જાગેલા ઊંડા આદરથી ભર્યું છે. મારા પગલાથી પ્રણાલિકાનો ભંગ થયો છે પણ કેટલીકવાર દેશ, કાળ અને પલટાતા સંયોગોમાં અમુક વસ્તુઓનો ફેરફાર અનિવાર્ય બની રહે છે. મૂળ વ્રતોની

( અનુસંધાન કવર પેજ ચાર ઉપર )



કરોડો ખ્રિસ્તીઓના ધર્મગુરુ પોપ પોલ ગાદી પરથી ઊભા થઈ સામે આવી બાહુ પ્રસારી પૂ. ગુરુદેવશ્રીને ઉમળકાભેર આવકારે છે.

# ☆ આંતર વૈભવ ☆

( નોંધ : દિવ્યદીપના નવમા અંકમાં આંતર વૈભવનો અધુરો રહેલો ઉત્તરાર્ધ અહીં આપવામાં આવે છે. )

કો'કે કહ્યું : "ભય બિન પ્રીત ન હોત ગોસાંઈ." ભગવાન પ્રત્યે જો ભય ન હોય તો પ્રીતિ ન થાય, પણ આ વાત બરાબર નથી.

જ્યાં ભય છે, ડર છે ત્યાં કોઈ દિવસ પણ પ્રેમ હોતો નથી. જે માણસ ભયથી કે ડરથી કામ કરે છે તેના અંતરમાં શુદ્ધ પ્રેમનો આવિષ્કાર ક્યાંથી ?

માતાને જોઈને બાળકનો પ્રેમ ઉભરાય છે. નિર્મળ, નિખાલસ, સહજ અને અસ્ખલિત પ્રવાહમાં મા તરફ પ્રેમ વહ્યા જ કરે છે કારણકે ત્યાં ભયનો સંભવ નથી.

જ્યાં ભય આવીને ઊભો ત્યાં સમજી લેજો કે પ્રેમનો દેખાવ થશે, પ્રેમની નાટકીય રીતો થશે, પ્રેમનું પ્રદર્શન પણ થશે પણ પ્રેમનું દર્શન નહિ હોય.

જેની સાથે તમારે જીવન વિતાવવું પડે એનો ભય રહ્યા કરતો હોય તો તમારું જીવન શુષ્ક ન બની જાય ? ત્યાં તમે પ્રેમનું પ્રદર્શન કરતા હશો પણ એના પ્રત્યે તમારો શુદ્ધ પ્રેમ નથી.

જ્યાં સુધી ઈશ્વરથી પણ ડર્યા કરશો ત્યાં સુધી એને પ્રેમ કેમ કરી શકશો ?

શિયાળાનો દિવસ હતો, બપોરનો સમય હતો, રબારી ખેતરમાં ઝાડ નીચે બેઠો હતો અને એણે એનું ભાથું ખોલ્યું. રોટલો કાઢતાં કાઢતાં બોલી ઊઠ્યો : "યા અલ્લાહ ! તું જો અત્યારે આવી જાય તો તને આ મારો જાડો ધાબળો ઓઢાડું, ખાવાને માટે આ મારા રોટલા ઉપર ચટણી લગાડીને આપું અને પીવા માટે શરાઈ પણ આપું. તું અત્યારે અહીં હોત તો ખાવાની કેવી મજા આવત !"

બાજુના ઝાડ નીચે બેઠેલા મૌલવીના કાને આ શબ્દો પડ્યા અને એકદમ ગરમ ગરમ થઈ ગયા. "જંગલી માણસ ! મૂર્ખ ! તું અલ્લાહને તારા જેવો સામાન્ય માણસ સમજે છે કે તારો સૂકો રોટલો ખાય, ચટણી ખાય અને તારો જાડો ધાબળો ઓઢે ? એ તો કેવો મહાન છે. કેવા આલીશાન મહેલમાં રહે છે. કેવાં સુંદર ભોજન કરે છે પણ તું તો ગમાર છે, અણસમજુ છે."

રબારીને ખૂબ દબડાવ્યો, રબારી ગભરાઈ ગયો, આંખમાં આંસું આવ્યાં અને હાથ જોડીને બોલ્યો : "મૌલવી સાહેબ ! મને ખબર નહિ. હું તો અભણ માણસ રહ્યો. મને તો એમ કે અલ્લાહને ભૂખ લાગે ત્યારે મારી જેમ રોટલો ખાતા હશે અને ઠંડી લાગે ત્યારે મારા જેવો જાડો ધાબળો ઓઢતા હશે એટલે મેં આ બધી તૈયારીઓ કરી અને ઊર્મિના આવેગમાં બધું કહી નાખ્યું. પણ હવે એ માટે હું માફી માગું છું, તોબાહ કહું છું."

રાત પડી અને મૌલવીને સ્વપ્નામાં દિવ્ય તત્ત્વ આવ્યું અને કહ્યું: "તું તારી જાતને મૌલવી કહેવડાવે છે, ધર્મગુરુ કહેવડાવે છે, પણ તેં આજે પેલા રબારીના હૃદયના ટૂકડે ટૂકડા કરી નાખ્યા. એ બિચારો ભક્તિથી ઉપર ને ઉપર ચડી રહ્યો હતો એને તેં ગભરાવી નાખ્યો અને એની નજર સામે મારું કેવું ચિત્ર દોર્યું કે હવે એ પહેલાંની જેમ નિર્દોષ ભક્તિ પણ નહિ કરી શકે. તું શું કરવા ડહાપણ કરવા ગયો ? એણે મનમાં ઊભી કરેલી ભક્તિની ભાવનાઓને તેં શા માટે તોડી નાખી ?"

"તેં ઘણો મોટો અપરાધ કર્યો છે. એના ભાવો અને ભક્તિ પ્રમાણે રબારી મારી સુંદર આકૃતિ મનમાં લઈને મારી સામે આવી રહ્યો હતો એને તેં તોડી નાખી."

ભગવાનનું ભયંકર અને રુદ્ર સ્વરૂપ ન

વિચારો. ઈશ્વરની ઉપાસના ભયથી, ડરથી કે પાપની બીકથી ન કરો.

જ્યારે સમજણથી, અંદરથી, ચેતનાની જાગૃતિમાંથી વિચાર કરશો ત્યારે તમે જ કહેશો, કે નહિ, આ કામ મારાથી થાય જ નહિ. હું કેમ કરી શકું?

જ્યાં આ વિચાર આવ્યો પછી કોઈના ડરથી નહિ પણ આત્માની જાગૃતિથી એ કામ નહિ કરો.

અત્યાર સુધી તમે કાંઇ પણ કામ શરૂ કરો ત્યાં નિષેધાત્મક બળો આવીને ઊભા રહે. નવું કામ ઉપાડો અને શંકા થાય, અશુભનો વિચાર આવે. માટે જ કામ શરૂ કરતી વખતે કાંઇ અશુભ ન આવે, નુકસાન ન થાય મુશીબત ન આવે એ માટે પૂજન પણ કરી લો છો.

વિનાયકને હાથ જોડીને પણ કહેતા હોય છે : "હે વિનાયક દેવ! અમારા કામમાં મુશીબત ન આવે માટે અમે તમારું પૂજન કરીએ છીએ." પછી કાર્યનો પ્રારંભ કરે.

અરે ભાઇ! તેં ગોટાળો તો ક્યારનોય કરી નાખ્યો, અશુભ ન આવે એવો વિચાર તો કરી નાખ્યો.

'અમારા માર્ગમાં અંતરાય ન આવે' એ સ્મરણના બહાને અંતરાયને તો બોલાવી દીધો. બોલાવ્યા પછી કહો કે ન આવે, પણ ન આવે કેમ? એ તો આવી ગયો. તેં તો એનું સહુથી પહેલાં સ્મરણ કરી નાખ્યું.

તમારી દરેક પ્રવૃત્તિની પાછળ નકારાત્મક, નિષેધાત્મક, ભયાત્મક અને શંકાત્મક તત્ત્વો કામ કરતાં જ હોય છે. નકારાત્મક તત્ત્વોના સ્મરણથી કામ શરૂ કરે અને પછી માર્ગમાં જો મુશીબત આવી જાય ત્યારે મન મનાવે : ચાલો, રૂપિયાભરની મુશીબત ચાર આનાથી પતી ગઇ. પ્રારંભમાં મુશીબત ન આવે એ માટેની પ્રાર્થના કરી હતી એટલે બાર આની મુશીબત ઓછી થઈ ગઈ અને ચાર આની જ આવી.

પણ આ ચાર આની મુશીબત આવી કેમ? તમારા નિર્મળ વિચારો અને આચાર આખા વિશ્વમાં કેવાં આંદોલનો ઊભાં કરે છે તે વિચારો.

જેવી રીતે તળાવમાં કાંકરી પડતાંની સાથે જ તરંગોનો પ્રારંભ થાય છે એવી જ રીતે તમારા મનની અંદર જે નકારાત્મક વિચાર આવ્યો એ મનથી શરૂ થઇને આખા વિશ્વમાં વ્યાપી જાય છે. નકારાત્મક વિચારના પ્રત્યાઘાતો નકારાત્મક તત્ત્વોને નિમંત્રણ આપે છે.

શુભ ચિન્તકના મનમાં તો નકારાત્મક તત્ત્વોનો વિચાર જ નહિ.

ગામમાં વરસાદ ન આવવાથી પાદરીએ આમ્યજનોને કહ્યું : "ચાલો, આપણે વરસાદ માટે પ્રાર્થના કરીએ." બધા દેવળ આગળ મોટા મેદાનમાં ભેગા થયા અને પાદરી સહિત બધાએ વરસાદ માટે પ્રાર્થના આદરી.

પ્રાર્થના શરૂ થતાં જ આઠ વર્ષના બાળકે પોતાની છત્રી ખોલી નાખી. બધા કહેવા લાગ્યા : "આ તું શું કરે છે?" કહે : "તો શું ભગવાન આપણી પ્રાર્થના સાંભળ્યા વિના રહેવાનો છે ખરો? ભગવાન જો એકદમ વરસાદ વરસાવે તો હું તો ભીંજી જાઉં ને! એટલે મેં તો પહેલેથી જ છત્રી ખોલી રાખી."

પાદરી કહે : "તું તો ગાંડો લાગે છે. એમ પ્રાર્થના કરે ભગવાન વરસાદ વરસાવી દેતા હશે?" બાળકે હતાશ થઈને પૂછ્યું : "તો પછી આપણે બધા ભેગા કેમ થયા છીએ?"

પાદરી હસી પડયા : "એક અખતરા ખાતર પ્રાર્થના કરવા માટે ભેગા થયા છીએ...."

આ ઉત્તર માત્ર પાદરીનો જ નહિ પણ

બધાનો છે. માણસો માનતા જ હોય છે કે પ્રાર્થના કર્યે થોડા જ વરસાદ આવી જવાનો છે? પ્રાર્થના તો કરવા ખાતર આપણે કરવી જોઈએ. ચાલો, બધા કરે છે એટલે આપણે પણ કરી લઈએ.

આમાં કોઈ શ્રદ્ધા નથી, હૃદયનું ઊંડાણ નથી. વિચારોમાં કોઈ વિધેયાત્મક તત્ત્વ પણ નથી. કરીએ છીએ, બધા કરે છે એટલે કરીએ છીએ. પછી સફળતા ક્યાંથી મળે? બાળકની સચ્ચાઇ પ્રાર્થનામાં જોઈએ.

આજે પ્રવૃત્તિ બહારથી વિધેયાત્મક દેખાય છે પણ વિચારો નિષેધાત્મક છે. લોકોને લાગે કે પ્રાર્થના કરવા સહુ ચાલ્યા પણ પ્રાર્થના કરનારા તો મનમાં માનતા જ હોય કે એમ પ્રાર્થના કરે થોડાં જ કાર્યો સફળ થવાનાં છે?

આચાર અને વિચાર વચ્ચે આવી દીવાલ ઊભી છે. ધર્મનું અસ્તિત્વ એક પ્રકારનું બાહ્ય પ્રદર્શન બન્યું છે.

બધા કહે છે: ભારતવર્ષમાંથી ધર્મ અદૃશ્ય થતો જાય છે. હું કહું છું ધર્મ તો એમનો એમ જ છે. ધર્મ ક્યાંય જતો નથી પણ માણસના મનમાં વિધેયાત્મક અને નિષેધાત્મક તત્ત્વો વચ્ચે દીવાલ ઊભી થતી જાય છે.

આ દીવાલને કારણે જે પોતે કરે છે એવું જ બનવાનું છે એવું એ કદી પણ અંતરથી માનતો નથી. જેવું તમે માનો તેવું જ તમે કરો. તો એ કાર્ય બન્યા વિના રહેવાનું નથી.

દુનિયામાં જેમણે વિચારોને ગતિ આપી, નવો પ્રકાશ આપ્યો અને મહાન થયા એ માનતા જ હતા કે 'હું જે કરવાનો છું એનું જ પરિણામ આવવાનું છે.'

તિલકે જ્યારે પડકાર કર્યો; સ્વરાજ્ય અમારો જન્મસિદ્ધ હક છે અને અમે એને લઈને જ જંપીશું, ત્યારે એમ વિચાર નહોતો કર્યો 'ઠીક છે, લોકોને કહેવા ખાતર કહું છું!' એમને એવો નબળો વિચાર આવ્યો જ નહિ કે આવી મોટી બ્રિટિશ સલ્તનતની સામે આપણે કેવી રીતે હથિયારો, તોપો અને બંદૂકો વિના લઢી શકીશું? વાતોથી તે કાંઈ સ્વરાજ્ય મળવાનું છે? જેલો ભરવાથી શું વળવાનું છે? ના, એ મનથી માનતા જ હતા કે સ્વરાજ્ય અમારો જન્મસિદ્ધ હક છે. લઢીશું, લઈશું અને લઈને જ જંપીને બેસીશું.

હક છે, મળવો જ જોઈએ તો મળી ગયું. અશક્ય શક્ય બની ગયું.

જીવનમાં શક્યતા ઉતારવી હોય તો અશક્યતાઓને હટાવવી પડશે. અશક્યતાઓને નહિ હટાવો તો શક્યતાઓનો પ્રવેશ સંભવિત જ નથી. ગમે તે ક્ષેત્ર હોય; વ્યાપારનું કે રાજ્યનું; આધ્યાત્મિકતાનું કે પછી મોક્ષપ્રાપ્તિનું જેના મનમાં નિષેધાત્મક વિચારો માળો નાખી બેઠા હોય છે એને કોઇ પણ ક્ષેત્રમાં સફળતા કે વિજય મળતાં નથી. સફળતા તો એને જ વરે છે જે એકલા વિધેયાત્મક તત્ત્વો જ વિચારે છે. જ્યાં નિષેધાત્મક તત્ત્વોનો સંગ્રહ છે, જ્યાં હું જ વધારે ભોગવી લઉં એવી કુભાવના છે એને પરાજય જ છેલ્લે મળવાનો.

રાજકીય, સામાજિક ધાર્મિક સંસ્થાઓના ટ્રસ્ટીઓ આ બધાં ટોળાઓ એ નિષેધાત્મકવિચારોનો જ સંગ્રહ છે. એ વર્ગ ગમે તેટલો મોટો હોય પણ નિષેધાત્મક વિચારોથી ભરેલો છે એટલે એનાથી માનવના આત્માનું કલ્યાણ થતું નથી.

જ્યારે જ્યારે પણ નિષેધાત્મક વિચારોની સામે વિધેયાત્મક વિચારોવાળા મહાનુભાવો આવીને ઊભા રહ્યા છે ત્યારે નિષેધાત્મક વિચારોવાળા માણસોએ ભેગા થઈને એક

જ નિષેધાત્મક વિચાર કર્યો છે. આને કેમ સ્થાનભ્રષ્ટ કરવો, કેમ ઉડાડી દેવો, કેમ એનું અસ્તિત્વ મટાડી દેવું. કારણમાં એ આપણાથી જુદો છે. પણ યાદ રાખજો એને નથી ફેંકી શકાતો, આખા સમૂહ કરતાં એ એકલા માણસની તાકાત વધારે છે. એની તાકાત બહારની નહિ, અંદરની છે. એને મારી નાખવામાં આવે તો પણ એ મરતો નથી. કેટલાંક ઝાડ એવાં હોય છે જેને વાઢો તો બમણા જોરથી વધે.

સોક્રેટિસને મારી નાખ્યો પણ એના વિચારોને ન મારી શક્યા. સોમરસ અને અબોલ જીવોને યજ્ઞમાં હોમવાની સામે મહાવીરે અને બુદ્ધે પ્રચંડ વિરોધ કર્યો ત્યારે એમને દૂર કરવા અનેક પ્રયત્નો કર્યા. આજે મહાવીર કે બુદ્ધ નથી પણ એમના વિચારો હજારો વર્ષ પછી પણ તારાઓની જેમ ચમકી રહ્યા છે.

જે વિચારને જીવંત કરવા ખાતર માણસોએ પોતાનાં બલિદાન આપ્યાં એ વિધેયાત્મક વિચારો એમની ગેરહાજરીમાં આજે પણ ઊભા થઇ થઇને સમાજની સામે પડકાર નાખી રહ્યા છે. તમે વ્યક્તિને મારી શકો છો પણ વ્યક્તિના વિધેયાત્મક વિચારોને નહિ.

આ સ્વતઃ સત્વ સહુમાં પડેલું છે. એને વિકસાવવાનું છે, એનો અનુભવ કરવાનો છે. એના અનુભવ પછી તમને પોતાને થશે કે હવે હું નિષેધાત્મક વિચારોને પ્રવેશવા જ નહિ દઉં.

જ્યાં મનથી નિર્ણય કર્યો ત્યાં જીવનમાં ત્રણ – પ્રેમ Love, ઇચ્છાશક્તિ Will અને પ્રજ્ઞા Wisdomનો પ્રવેશ થવાનો, જીવનદ્વારા આ ત્રણે અભિવ્યક્ત થવાનાં.

પ્રાણીમાત્ર પ્રત્યે નિર્મળ પ્રેમનો સ્રોત વહેવા માંડે છે. 'સહુનું ભલું થાઓ એવી પ્રાર્થના અંગઅંગમાંથી પ્રગટે છે.'

સામી વ્યક્તિ ભૂલ કરે, ત્યારે શાંતિથી વિચારે : હું જો એના સંજોગોમાં મુકાયો હોત તો કદાચ મારાથી પણ આવી ભૂલ થઈ જાત. આવેશમાં આવીને કોઈ ગાળો દે તો વિચારે કે જો મને પણ આવો આવેશ આવ્યો હોત તો હું પણ કદાચ એવી ગાળ બોલી બેસત, માટે મારે ક્ષમા આપવી જોઈએ. ધીમે ધીમે એનામાં આમ પ્રેમનું તત્ત્વ વિકસતું જાય છે.

પૂનાની વાત છે. સુંદર સામાજિક જીવન જીવનારા એક સાહિત્યકાર (ભાઈ) સાયકલ શીખતા હતા. ગલીના નાકે છાણનો ટોપલો ઊંચકીને આવતાં ડોશીમા સાથે અથડાઇ પડયા. થોડું છાણ ભાઇના શરીર ઉપર પડયું અને બાકીનું બધું રસ્તા ઉપર ઢળી પડયું. ડોશીમાને ખબર નહિ કે ભાઈ સાહિત્યકાર છે, વિદ્વાન છે. એ તો ઉકળી પડયાં. "મૂઆ ઓ, તમે સાયકલ લઇને નીકળી પડો છો અને અમારી મહેનતને ધૂળ કરી નાખો છો!"

ભાઇએ સાયકલ બાજુમાં મૂકી અને છાણ ભેગું કરી ટોપલો ભરવા માંડયો. ટોપલો ભરીને માજીને કહ્યું : 'લો માજી, હવે તમને ઉપાડવા લાગું.' માજી કહે : 'શું ઉપાડું ? કેટલુંય છાણ ધૂળભેગું કરી નાખ્યું.' 'માજી જે ગયું એ બરાબર છે પણ જેટલું બચ્યું એટલું તો તમે લઇને જાઓ.'

માજીને માથે ટોપલો ચઢાવ્યો પણ માજીનો બબડાટ બંધ ન થયો. દૂરથી આવતા ભાઈના મિત્રે આ બધું જોયું. નજીક આવ્યા ને બોલી ઊઠયા : "અરે, તમે આ કામ કરો છો ? આ છાણ એકઠું કરવાનું કામ, સૂંડલો ભરવાનું કામ, તેમ છતાં પેલાં માજી બોલતાં જાય અને તમે ?"

"ભાઇ, તને ખબર નથી. તું જો એ ડોશીના સ્થાને હોત, એના જેવી ગરીબી

સહન કરતો હોત, એની જેમ મુશીબતથી છાણુ ભેગું કરીને આવતો હોત અને તારું છાણુ બીજાની ગફલતથી પડી ગયું હોત તો તું શું બોલ્યા વિના રહેત ખરો ? અરે, તું તો શું કદાચ હું પણ એ માજીની જગ્યાએ હોત તો એવું જ બોલી કાઢત, ભૂલ મારી છે. મારે આ સાયકલ જંગલમાં શીખવી જોઇતી હતી અને પછી જ શહેરમાં ચલાવવાની શરૂઆત કરવી જોઈતી હતી. એને બદલે અધકચરા જ્ઞાન સાથે હું શહેરમાં એનો પ્રયોગ કરવા નીકળી પડયો એનું આ પરિણામ છે. માજીને નુકશાન થયું. મારા કપડાં બગડયાં, ભૂલ તો મારી જ છે.”

જ્યારે જીવનમાં પ્રેમનું તત્ત્વ વહેવા માંડે છે ત્યારે દોષ બીજામાં નહિ, પોતામાં દેખાય છે પછી તો જગત સાથેનો સંબંધ પણ જૂદો જ બની જાય છે.

માણુસનો જગત સાથેનો સંબંધ કટુતામય છે. થોડાક મિત્રો જરૂર છે પણ હજી એમની સાથે બગડવા–ઝગડવાનો પ્રસંગ આવ્યો નથી. માટે જ હજુ એ ‘ મિત્ર ’ છે. જો એમની સાથેનો સંબંધ જરાક બગડે તો તરત એના ઉપર માણુસ તૂટી પડવાનો. એટલે જ તો મિત્રને દુશ્મન બનતાં વાર નથી લાગતી !

આજે તમારું દૃષ્ટિકોણુ જુદું છે. તમે પોતે દોષોમાંથી નીકળી જવા માગો છો અને એ દોષ કો'કના ઉપર નાખવા માગો છો. બીજાના નાના દોષો તરફ એટલા માટે જોરશોરથી ધ્યાન દોરવામાં આવે છે કે જેથી પોતાના મોટા દોષો તરફ લોકોનું ધ્યાન ન જાય. લોકોનું ધ્યાન બીજી બાજુ દોરવાની આ એક યુક્તિભરી ચાલાકી છે. ભૂલોને સુધારવી નથી, પણુ પણુ બીજાની ભૂલો ચીંધવી છે.

સ્વરાજય નહોતું મળ્યું ત્યાં સુધી દોષોનો ટોપલો બ્રિટિશ સરકાર ઉપર નાખ્યો. જ્યાં સુધી બ્રિટિશ સરકાર રાજ્ય કરશે ત્યાં સુધી આપણુને સુખેથી જીવવા નહિ દે. બ્રિટિશ સરકારે કહ્યું : લો, હવે અમે નીકળી જઈએ છીએ સુખેથી જીવી બતાવો. જોયુંને આપણે કેટલા સુખી છીએ !

હવે કોંગ્રેસ સમાજવાદી ઉપર દોષ નાખે, સમાજવાદી જનસંઘ ઉપર નાખે, વળી જનસંઘ સ્વતંત્ર ઉપર નાખે. બસ, ટોપલો ફર્યા જ કરે.

કોઈ પોતાનું આત્મવિશ્લેષણુ કરવા તૈયાર નથી. ધીમે ધીમે નિષેધાત્મક તત્ત્વો વધતાં એટલાં બધાં વધી જવાનાં કે વિધેયાત્મક તત્ત્વનો હ્રાસ થઇ જવાનો. જો વિધેયાત્મક તત્ત્વમાં જીવશો નહિ તો પરમતત્ત્વનો આવિષ્કાર કરીને, એની સાથે સંપર્ક અને સંસર્ગ સાધીને જે અનુભૂતિ કરવાની છે તે ક્યારે કરશો ?

વિધેયાત્મક તત્ત્વ જીવનમાં લાવવા માટે જીવનમાં પ્રેમ અને મૈત્રીનો અનુભવ કરવાનો છે. જો પ્રેમ તત્ત્વ આવશે તો જ સામી વ્યક્તિની મુશીબત, એની પરિસ્થિતિનો ખ્યાલ આવશે.

મુંબઈમાં મોટા હોદ્દા ઉપર કામ કરતા ઓફિસરની પંચોતેર વર્ષની મા પંજાબમાં બિમાર પડી. ઓફિસરને રોજ ચિંતા થાય. એક દિવસ ઓફિસમાંથી કામ અંગે બહાર ગયા એટલામાં એમનો કલાર્ક આવ્યો. જોયું તો કેબીન ખાલી હતી, સાહેબ બહાર ગયા હતા. એણે કેબીનમાં જઇને સાહેબના ટેબલ ઉપર તાર મૂકયો અને વાટ જોઇને બેઠો. કલાકેક પછી સાહેબ આવ્યા. સીધા કેબીનમાં ગયા. તાર જોયો, વાંચ્યો તો લખેલું કે, Mother expired મા, મરી ગઈ છે. આંખે અંધારાં આવ્યાં. આગળ વાંચવાની હિંમત પણુ ન રહી, શોકમાં ડૂબી ગયા.

થોડીવાર થઇ અને પેલો કલાર્ક અંદર આવ્યો. બોલ્યો : ‘ સાહેબ ! ’ સાહેબ ઉકળી પડયા : ‘ શું છે અત્યારે ? હું આટલો બધો દુઃખી છું અને તું સાહેબ, સાહેબ કરીને મારું માથું ખાય છે ? જોતો નથી કે મારી મા મરી ગઈ છે ? નીકળ બહાર.’

‘ પણ સાહેબ, આ તાર તો મારો છે.’

‘ શું ? આ તાર તારો છે ? Oh ! Your mother expired, not mine. મારી મા નહિ, તારી મા મરી ગઇ છે ! ’

એકદમ એનો મૂડ mood બદલાઇ ગયો. મોઢા ઉપર વિષાદને બદલે આનંદની રેખાઓ ધસી આવી. ‘ તારી મા મરી ગઇ એમાં શું થઇ ગયું ! દુનિયામાં ઘરડાં નહિ મરે તો કોણ મરશે ? ’

‘ પણ સાહેબ, મારે રજા leave જોઇએ છે.’

‘ ચાલ, ચાલ હવે. અત્યારે leave નહિ મળે. આટલું બધું કામ હોય તે વખતે તારે leave જોઈએ છે. ઘરડા માણસ મરી ગયા; એમાં તું ત્યાં જઇને શું કરવાનો છે ? શું તું તારી માને વૈકુંઠે મોકલવાનો છે ? જા, જા. હવે, કામે લાગ.’

એકે સાયકલથી અથડાતાં માજીનું છાણ ભેગું કરી સૂંડલો માથે ચડાવ્યો અને બીજાએ ‘ તારી મા મરી ગઇ એમાં શું થઇ ગયું ’ કહી હાંસી ઉડાવી. એકમાં પ્રેમ અને મૈત્રીનો સ્રોત વહી રહ્યો હતો, બીજામાં સ્વાર્થ અને અહંકાર.

પ્રેમ અને મૈત્રીથી હૃદય આર્દ્ર બનાવવું હોય તો વ્યક્તિ સામી આવે ત્યારે એના ઉછેરનો, એના સંસ્કારનો, એની ભાષાનો અને એના સંજોગોનો વિચાર કરો, પછી એના પ્રત્યે હમદર્દી sympathy જાગશે. થશે; હવે આ માણસને એના વાતાવરણમાંથી મુક્ત કેમ કરવો ? એનું વાતાવરણ બદલાવવામાં મદદગાર કેમ બનવું ?

આ વિચાર જાગતાં પછી એને એના વાતાવરણમાંથી મુક્ત કર્યા વિના તમને ચેન નહિ પડે.

જીવો રેવાલ મોટો બહારવટિયો હતો. ઘોડાના જેવી એની ચાલ એટલે લોકો એને રેવાલ કહે. એની હાક પડે અને સહુ થથરે. માંડલથી માંડીને ઠેઠ વીરમગામ અને પાટડી બજાણા સુધી એનું નામ જ કંપારી જન્માવે.

દસાડામાં મારું ચોમાસું હતું. એક પ્રભાતે જંગલોમાં હું ઘૂમતો હતો, ત્યાં સામેથી ઘોડા ઉપર આવતી પડછંદ આકૃતિ મેં જોઈ. એણે અમસ્તું માથું ધૂણાવ્યું એટલે મેં હાથ ઊંચો કરી ધર્મલાભ આપ્યા. એ સમજ્યો કે મને ઉતરવાનું કહે છે એટલે ઊતરીને નજીક આવ્યો. “ કેમ મહારાજ ! શું છે ? મારું શું કામ પડયું ?”

“ ભાઈ તમે માથું ધૂણાવ્યું એટલે મેં સહજ તમને આશીર્વાદ આપ્યા.”

ત્યાં પેલો બોલી ઊઠયો: “ મહારાજ, છેલ્લા બે ત્રણ મહિનાથી હું તમને આ બાજુ જોઉં છું. કોણ જાણે કેમ પણ મને તમારી સાથે વાત કરવાનું મન થાય છે. ચાલો, આજે સરસ સંજોગ પ્રાપ્ત થયો. ” મેં પૂછયું “ તમારું નામ શું ભાઈ ? ” “ મહારાજ ! મને નહિ ઓળખ્યો ? ” “ ના. ” “ મહારાજ ! મારું નામ જીવો. જીવો રેવાલ. મને તો અહીંઆં બધા જાણે તેમ છતાં તમે મને ન ઓળખ્યો ?” મેં કહ્યું: “ મારે તમારી પૂરી ઓળખાણ કરવી છે. અત્યારે મોડું થઈ ગયું છે. તમે દસાડા ગામમાં ઉપાશ્રયમાં મને મળવા આવજો. ” “ ઠીક ત્યારે. ”

થોડા દિવસ થયા અને જીવો રેવાલ ઉપાશ્રયમાં આવી ચઢયો. બધા શ્રાવકો તો ફફડી ઊઠયા. ‘ આ બહારવટિયો અહીંઆં કયાંથી ? મહારાજ સાહેબને કેમ મળવા આવ્યો ? અહીં

શું લૂટવાનો છે?" અનેક તર્કવિતર્કો કર્યા. જીવો મળીને ગયો ત્યારે બધા ય બેઠા.

અંદર આવીને કહેવા લાગ્યાઃ "મહારાજ, એ ફરીથી ન આવે એ જોજો. એ કોણ છે. એ તમને ખબર છે?" "હં, એ માણસ છે બીજું કાંઇ હું જાણતો નથી." "હા, મહારાજ માણસ જરૂર છે પણ જીવો રેવાલ છે." હું હસી પડયો. "ભાઈ એમ કહો કે જીવો રેવાલ છે પણ માણસ છે." "પણ સાહેબ! એ તો બહારવટિયો છે. કેટલાયનાં લોહીથી એના હાથ રગદોળાયેલા છે! બપોરે બે વાગે વીરમગામની અંદર કોન્સ્ટેબલને પણ ઠેકાણે કરતાં એ અચકાયો નથી. આવો ખૂની અહીં? આપની પાસે? સાહેબ, મંદિરમાં તો કેટલું ય જોખમ હોય છે, માટે તમે...."

તરત હું વચ્ચે પડયોઃ "તમે એ માટે ગભરાશો નહિ. ભગવાનને અને એમના પર રહેલા તમારા દાગીનાને એ હાથ નહિ અડાડે. મારી ચિંતા તો કરશો જ નહિ. એક વાત પૂછું? જીવો બહારવટિયો બન્યો કેમ? અને એને બનાવ્યો કોણે? બે દિવસ વિચાર કરીને જવાબ આપજો. ઉતાવળ નથી."

ચોરોને પેદા કરનાર કોણ છે? સમાજ. સમાજમાં ચોરોને પેદા કરનારાં કારખાનાઓ ચાલે છે અને એ કારખાનાઓના આપણે બધા ભાગીદાર છીએ!

ધીમે ધીમે જીવો રેવાલ મારી પાસે આવતો થયો. કોઈક કોઈક વાર અમે જંગલમાં પણ ભેગા થઈ જતા.

એકવાર એને મેં લાગણીઓ અને ભાવોમાં તણાતો જોયો ત્યારે વાતોમાં વળાંક લીધો. મેં પૂછયુંઃ "શું તમે એવું નથી ઇચ્છતા કે જે દિવસે તમારી અંતિમ વિદાય લેવાની પળ આવે ત્યારે તમારી એક પડખે પત્ની હોય, બીજી પડખે બાળકો બેઠાં હોય અને મુખમાં ખુદાનું નામ હોય?" "હા મહારાજ!" "પણ એને બદલે તમે જેલમાં એકલા એકલા રિબાતા મરી જાઓ અને ત્યારબાદ તમારાં સ્વજનોને સમાચાર મળે, આ તે કાંઇ જીવન છે?"

જેને જોઈને બીક લાગે એવા પડછંદ આદમીની આંખમાં દડદડ આંસું વહેવા લાગ્યાં. એની માણસાઈ ઓગળી.

બોલી ઊઠયોઃ "મહારાજ! તમારી વાત સાચી છે, મારી વહાલામાં વહાલી પાંચ વર્ષની માસુમ દીકરી જ્યારે મરી ગઈ ત્યારે હું દસ વર્ષની સજા ભોગવી રહ્યો હતો. મને જ્યારે સમાચાર મળ્યા કે મારી દીકરી છેલ્લી ઘડી સુધી મને યાદ કરતી હતી ત્યારે હું ભાંગી પડયો! ખૂબ રડયો. દીકરીની છેલ્લી ઈચ્છા પણ હું પૂરી ન કરી શકયો. મહારાજ! એ પ્રસંગ મને જ્યારે પણ યાદ આવે છે, ત્યારે હૃદય ભરાઈ જાય છે. મારે કરવું શું? મારા ઉપર એટલા બધા આરોપો છે અને મારી પાસે કોઇ ધંધો પણ નથી. હું બહુ કફોડી પરિસ્થિતિમાં મુકાયો છું. હવે તમે જ મને માર્ગ બતાવો, તમે જ મને મુક્ત કરો."

મેં એને લૂંટ ચોરી અને ખૂન ન કરવાની પ્રતિજ્ઞા આપી અને મુક્ત કરાવવા માટે પ્રયત્નો શરૂ કર્યા.

દસાડામાં રાજ્ય કરતા મોલેસલામ દરબારો જે મારી પાસે આવતા હતા એમને મેં સમજાવ્યા. જીવા રેવાલને કામ આપવા માટે કહ્યું. બધા બોલી ઊઠયાઃ "મહારાજ! જીવાને શું કામ સોંપવું? એનું કામ તો ચોરીનું જ

[ અનુસંધાન પાનું ૨૦૨ ઉપર ]

# વેરથી વેર શમે નહિ જગમાં
# પ્રેમથી પ્રેમ વધે જીવનમાં

જીવનની નબળી પળોમાં માનવી આવેશના વેગમાં તણાઈ જાય છે ત્યારે વિવેકનો દીપક ઝાંખો પડતાં વાર લાગતી નથી. ધર્મના નામે પણ એ અધર્મ કરી બેસે છે.

ઇતિહાસમાં શું જોવા નથી મળ્યું કે ભગવાન પાર્શ્વનાથ ઉપર કમઠે અનેક ઉપસર્ગો કર્યા અને ભગવાન મહાવીરને ત્રાસ પહોંચાડવામાં એમના જ શિષ્ય ગોશાળાએ કાંઈ જ બાકી ન રાખ્યું.

પણ દરેકને હદ છે, સીમા છે દુઃખ પહોંચાડવામાં જેણે પાછું ન જોયું તેના અંતરમાં પણ ક્યાંક તો સંવેદનાનું નિર્મળ તત્ત્વ બેઠું જ હતું. એ તત્ત્વ જાગ્યું, આંખમાંથી પશ્ચાત્તાપનાં આંસુ વહ્યાં અને પ્રભુના ચરણોમાં માથું ઝૂકતાં અંતર હળવું બન્યું.

જે ઇતિહાસમાં બન્યું તે આજે પણ જોવા મળ્યું. ખોખાં ભલે જુદાં હોય પણ માનવ હૃદય તો એક જ છે.

પૂ. ગુરુદેવે સર્વધર્મ શિખર પરિષદમાં જવાનો નિર્ણય કર્યો અને સંકુચિત વાતાવરણમાં ઉછરેલા અનેક જૈન ભાઈબહેનોના વિચારોને આંચકો લાગ્યો. આંચકો લાગ્યો ન લાગ્યો ત્યાં શાંતિથી એમને વિચાર કરવા દેવાને બદલે એમની લાગણીઓને ઉશ્કેરે એવું ઝેર લાલબાગ ને ગોડીજીના ઉપાશ્રયમાં પાયું.

કુમળા માનસને જ્ઞાનનો પ્રકાશ ન આપ્યો, પણ ઝનૂન અને અજ્ઞાનના અંધકારમાં ધકેલી દીધું !

પછી તો અશ્લિલ ભાષામાં પ્રચારો થયાં પ્રહારો પણ થયા શ્રોતાઓ ઉપર આ ઝનૂનીઓ તૂટી પડ્યા.

---

[ અનુસંધાન પાનું ૨૦૧ નું ચાલુ ]

છે," મેં સમજાવ્યા. તમારાં ખેતર સાચવવાનું કામ સોંપો તો પછી તમારે ત્યાં ચોરી ક્યાંથી થવાની ?"

બધા કબૂલ થયા, એને વર્ષની આજીવિકા બાંધી અપાવી. જીવો રેવાલનું જીવન જ બદલાઈ ગયું. આજ તો દસાડામાં ભક્તનું જીવન જીવી રહ્યા છે. શંખેશ્વર જતા કોઈ શ્રદ્ધાળુ જાત્રાળુઓ મળે તો ત્યાં બેઠો બેઠો કહે "મહારાજને કહેજો કે મેં મારા વ્રતનો ભંગ કર્યો નથી. આજ સુધીમાં કદી ચોરી કરી નથી."

જીવનમાં સંજોગો અને પરિસ્થિતિ બદલાઈ જાય તો જીવો રેવાલ જેવા ક્રૂર, કઠોર અને ગુન્હાહિત તત્ત્વોથી ટેવાઈ ગયેલા માણસને પણ પલટાતાં વાર નથી લાગતી.

માણસ કયા સંજોગોમાં, કેવી પરિસ્થિતિમાં કામ કરી રહ્યો છે એ વિચાર કરવા માટે મૈત્રીનું તત્ત્વ મદદગાર બને છે. પરિસ્થિતિનો ખ્યાલ આવે છે ત્યારે જ એના પ્રત્યે સહાનુભૂતિ પ્રાપ્ત થાય છે.

જો પ્રેમનો પ્રવાહ બંધ થયો તો બહારથી કદાચ ધર્મી હોવાનો, સારા હોવાનો દેખાવ જરૂર કરી શકશો; પણ કઠોરતા, તિરસ્કાર, નિન્દા વગેરે અંદર બધું એમ જ હશે. અંદર દુર્ગુણો ભરેલા હોય તો બહારનો દેખાવ એને કેમ મદદગાર બની શકે ?

તમારે અંદરથી તૈયાર થવાનું છે. વિધેયાત્મક વિચારોમાં આગળ વધીને જીવનને કરુણાપૂર્ણ બનાવવાનું છે.

નિમ્ન ભૂમિકામાંથી નીકળીને ઊર્ધ્વ ભૂમિકામાં આવતાં, વિચારોમાંથી નિષેધાત્મક તત્ત્વો નીકળતાં જાય છે અને વિધેયાત્મક તત્ત્વો પ્રવેશતાં જાય છે સફળતા તો વિધેયાત્મક તત્ત્વો દ્વારા જ પ્રાપ્ત થાય છે.

મૈત્રી, ઇચ્છાશક્તિ અને પ્રજ્ઞાપૂર્ણ જીવન બનતાં વિધેયાત્મક શક્તિનો તમને નવો જ અનુભવ થશે. આ શક્તિનો અનુભવ એ જ ચમત્કાર છે.

ઘણું થયું, ઘણું વીત્યું પણ પૂ ગુરુદેવશ્રીના અંતરમાંથી સહુના પ્રત્યે એ જ દયાનો સ્રોત વહી રહ્યો હતો. એ જ કરુણા અને એ જ નમ્રતા. માત્ર એક જ વાતનું મનમાં દુઃખ હતું કે મારા નિમિત્તે આ જીવો હળવા બનવાને બદલે શા માટે ભારે બની રહ્યા છે?

એક સુપ્રભાતે શાંતિથી બેસીને વિચાર કરતાં એક તોફાની આત્માના અંતરમાં મોટું મનોમંથન જાગ્યું અંદર વિચારોનું વલોણું થયું પોતાની ભૂલ સમજાઇ અને પૂ ગુરુદેવશ્રીના ચરણોમાં નમવા એનું તન અને મન અધીરાં બન્યાં.

પૂ ગુરુદેવશ્રીના પવિત્ર પાદપંકજમાં માથું નમ્યું અને અંદરનો ક્રોધ પશ્ચાત્તાપના આંસુ રૂપે વહ્યો. મન શાંત પડયું. શુદ્ધિનો આછો–શો અનુભવ થયો અને પોતાની ભૂલોનો એકરાર કરતો એણે એક કાગળ લખી આત્મનિવેદન કર્યું. એક અક્ષરનો પણ ફેરફાર કર્યા વિના તેમના કાગળનો જ અહીં ઉતારો કર્યો છે.

"હું ચિત્રભાનુ મહારાજ સાહેબનો પ્રખર વિરોધી હતો પણ મેં તેમને સમજવાની કોશિશ કરી ત્યારે મને સત્યનું ભાન થયું. જાણે અજાણે ધર્મની લાગણીથી પ્રેરાઈને વિરોધ કરવા ગયેલ પણ પ્રભુની હું મહેરબાની સમજું છું કે મારા હાથે પૂ. મુનિ મહારાજ શ્રી ચિત્રભાનુ સાહેબની કોઈ આશાતના ન થઈ. કર્મના બંધનોથી બચ્યો. પણ મનમાં ઘણો ક્રોધ કરેલ તેથી થોડો ઘણો પણ દોષિત થયો. મને લાગ્યું કે હું કાંઇક ખોટું કરી રહ્યો છું.

શું હું સર્વ રીતે પૂર્ણ છું? શું હું સર્વ દોષ રહિત છું? હું બીજાને નિંદવા નીકળ્યો છું તો શું મારામાં કોઈ દોષ નથી?

અમે, ચિત્રભાનુ મહારાજ સાહેબ સામે ઘણા આક્ષેપો કર્યા, પણ વિચાર કરશો તો બિલકુલ બિનન્યાયી આક્ષેપો છે.

(૧) તેઓશ્રી હરેક ચોમાસાં મુંબઈમાં કરે છે તો બીજા સાધુઓએ તો ઘણા કર્યાં, વધારે પણ કર્યાં. તે સિવાય બીજા ઘણા દોષો આપણા સાધુમહારાજોમાં છે પણ નિંદાથી દૂર રહું છું.

(૨) તેઓશ્રી સાધુના વેશે પરદેશ ગયા ત્યારે સમાજે કહ્યું: જવું હોય તો જાવ પણ અમારો સાધુવેષ પાછો સોંપતા જાવ.

આજે તેઓ પરદેશમાં ફરવા નહોતા ગયા પણ જૈનધર્મના ફેલાવા અર્થે ગયેલા. ઉપદેશથી વિરુદ્ધ આચરણ છે તે ઉપદેશની કાંઈ અસર થતી નથી. તેથી જૈનધર્મના સિદ્ધાંતો, જૈનદર્શન, સાધુના આચારવિચારો પ્રત્યક્ષ દેખાડી તેમને સાચો બોધ પમાડવો હતો.

માનવજાતને શાંતિનો સંદેશો આપવા મહાવીર પ્રભુની વાણી સકળ વિશ્વને સંભળાવવા માટેની ઉત્કર્ષ ભાવનાથી અમુક ક્રાંતિકારી પગલાં લેવા પડયાં તે અનિવાર્ય હતાં.

મને લાગે છે કે તેમણે કાંઈ ખોટું નથી કર્યું. આજે હિંમતવાન સાધુઓની જરૂર છે.

આજે શ્રીમંત વર્ગ દાન કરી, ધર્મની ભાવના નીચે સકળસંઘને, સાધુઓને પણ પોતાના વર્ગ નીચે લાવી ગેરઉપયોગ કરે છે. આ શ્રીમંતોની સામે થવાની હિંમત કોઈનામાં નથી, વિરોધ જ્યાં કરવાનો છે ત્યાં કોઈ નથી કરતું. ધર્મમાં કેટલાય સડા પેસી ગયા છે.

આવી છે આપણી ધર્મની દશા!

હા, સામી વ્યક્તિએ ભૂલ કરી તો આપણે શું કર્યું? આપણે પણ ધર્મથી ચલિત થયાં. આપણે વીરપ્રભુનો ઉપદેશ ફક્ત શાસ્ત્રોમાં જ રહેવા દીધો છે. નહિતર આવું કદી ન બનત. સામી વ્યક્તિ ખરાબ તો આપણે સારા છીએ તે કેમ સાબિત કરશો?

એક વાત હંમેશાં યાદ રાખવા જેવી છે. આપણે કોઈ વ્યક્તિ સાથે ઘણો જ સારો અને મીઠો સંબંધ હોય છે ત્યારે વાહવાહ કરતાં થાકતાં નથી પણ કોઈ પ્રસંગે ઝઘડો થયો તો નર્યા દોષો જ તેનામાં દેખાય. તેને સર્વરીતે ભાંડતા થઈએ–આ બિલકુલ અયોગ્ય છે.

જે કારણસર મનદુઃખ થયું તે પૂરતી તે વ્યક્તિ દોષિત માની શકાય પણ તેથી તેનામાં બીજા દોષ ન કાઢી શકીએ. પણ આવું ન્યાયીવલણ નથી. એક વાર અણબનાવ બન્યો એટલે એ મોટો દુશ્મન, તેની દરેક વાત દોષયુક્ત લાગે.

આવું છે આપણું માનવ મન! કેટલું સંકુચિત ને વામણું!

[ અનુસંધાન પાનું ૨૦૪ ઉપર ]

# ★ પરદેશી ભક્તોના હૃદયોદ્‌ગાર ★

May 1970

My dear revered Maharaj Chittrabhanuji,

How happy I have been to see you again. My friends and disciples were very happy for the benefit of your blessing.

Your lecture tour in London and other countries of Europe had been a success. Your contact with Pope Paul in Rome was sure very interesting.

If one day we can have an Ashram near Paris, we will give it your name.

Thank you Maharaj for your kindness, your blessing.

May God help you in your spiritual mission.

With Prem and thousand Navakars.

Hamsananda
Acharya Hamsananda Adinath
c/o. Gilbert Bourdin
197 Rue de Fontenay
92 Le Plessis–Robinson
France

[ અનુસંધાન પાનું ૨૦૫ ઉપર ]

---

[ અનુસંધાન પાનું ૨૦૩ નું ચાલુ ]

છેવટે દરેક વાતનું નિરાકરણ શાંતિ અને પ્રેમથી થવું જોઈએ. કોઈને હુકરાવવાથી કે નિંદવાથી કોઈ કામ પાર પડતું નથી.

પ્રગતિ વધી ન જાય તેવી ગુપ્ત ઈર્ષાથી પ્રેરાઈ ને ધિક્કારવાથી કે તેને નિંદવાથી તે સુધરશે નહિ. તેને જરૂર છે પ્રેમની.

ધર્મ આપણને માનવ બનાવવા ઇચ્છે છે, શાંતિ પ્રેમ અને ભાઈચારાનો નાદ શીખવે છે ત્યારે આપણે તો ધર્મને જ હથિયાર બનાવી વેરનાં બીજ વાવી રહ્યાં છીએ.

સત્ય, અહિંસા અને સકળ જીવોને અભયદાન અર્પણ કરતો ધર્મ આજે પોતાના એક બાળકને તેના જ સાધર્મિક ભાઈઓ તેની નફરત કરી, તેની સામે નિંદા ને કુવચનો ઉચ્ચારી તેને હુકરાવી રહ્યા છે તે જોઈ શરમાઈ રહ્યો છે.

ધર્મ કહે છે: તમોએ વાચન કર્યું પણ તેને જીવનમાં ન ઉતાર્યું. કેટલી બધી શરમ છે?

જાણે અજાણે પૂ. આચાર્ય ભગવંતો, મુનિ મહારાજ સાહેબોએ પણ નિંદાનું કર્મ ઉપાર્જન કર્યું.

પ્રેમનો માર્ગ ચીંધનાર મહાવીરના અનુયાયીઓ આવું કેમ કરે?..."

મહિનાથી પોષેલો ક્રોધાગ્નિ ટાઢો પડતો ગયો અને અંદરનો ઉભરો પશ્ચાત્તાપ દ્વારા બહાર આવતાં આ આત્મા કાંઈક શાંતિ પણ અનુભવતો ગયો.

"મારી સકળ જૈનસંઘને અને આચાર્ય ભગવંતો અને પૂ. સાધુમહારાજોને વિનંતી છે કે આપણે મહાવીર પ્રભુના શાસનને, તેમની વાણીને વફાદાર છીએ કે નહિ તે માટે આત્મમંથન કરીશું તો જરૂર આપણને સત્યનું દર્શન થશે.

મારી સર્વેને વિનંતિ છે એકાંતે બેસી પ્રભુની સાક્ષીએ તમારો આત્મા શું કહે છે તે વિચારશો.

અને આપણે જાણે અજાણે જેમને અન્યાય કર્યો છે; જૈન ધર્મથી, સમાજથી વિખૂટા પાડી તેમના આત્માને દુઃખ પહોંચાડયું છે; તેમની મનોભવના વાંચ્યા વગર આપણે જે દોષારોપણ કર્યું છે તે સર્વે ખમાવી તેમને સાચા હૃદયથી ફરી અપનાવીએ તો જ આપણી વીરપ્રભુની શાસનની શોભા વધે ને તેમના સિદ્ધાંતોને વફાદાર છીએ તે સાબિત કરી શકીએ.

ક્ષમા આપવી, અભયદાન આપવું તે તો આપણો સાચો શણગાર છે. અને આ શણગારથી ફરી આપણા જૈન ધર્મને સજી દઈ આપણા ધર્મનું મસ્તક દુનિયા સમક્ષ ઊંચું કરી દઈએ અને ફરી એક બની લલકારીએ:

" सर्व मंगल मांगल्यम् सर्व कल्याण कारणम्
प्रधानं सर्व धर्मानां जैनं जयति शासनम् "

જૈન રક્ષા મંડળનો વીર માર્ગી યુવાન
કીર્તિકુમાર ચીમનલાલ શાહ.

# ★ વિચારોની મધુરતા ★

સર્વધર્મ શિખર પરિષદમાં પૂ. ગુરુદેવશ્રીની સેવા કરવા તત્પર રહેલા શ્રી બસંતકુમાર અને શ્રીમતી સરલાદેવી બિરલા મુંબઈ આવ્યા અને તરત પૂ ગુરુદેવશ્રીનો સંપર્ક સાધ્યો.

રવિવાર તા. ૭–૬–૭૦ બપોરના ત્રણ વાગે તેમનાં કુટુંબીજનો તથા શ્રી અરવિંદભાઈ જેશીંગભાઈ દલાલ સાથે બિરલાજી સહકાર નિવાસમાં પૂ. ગુરુદેવશ્રીના વંદનાર્થે આવ્યા.

પૂ. ગુરુદેવશ્રીનાં દર્શન થતાં જ જૂની સ્મૃતિ તાજી થઈ અને પરિષદનું વિહંગાવલોકન થયું. શ્રીમતી સરલાદેવી તો બોલી ઊઠયાં : "બહેન, અમારી પરિષદમાં પૂ. મુનિશ્રી જેવા મહાન વિદ્વાન સંત હાજર રહ્યા એ અમારું સદ્‌ભાગ્ય હતું. સહુના માનસ ઉપર પૂ. મુનિશ્રીનાં પ્રતિભાશાળી વ્યક્તિત્વ અને તેમના ગગનસ્પર્શી વિચારોની ઊંડી અસર થઈ. આવા ચિન્તકોને લીધે જ અમારી પરિષદ સફળ નીવડી."

હસીને શ્રીમતી બિરલાએ તેમના પુત્ર આદિત્યને કહ્યું : "પૂ. મુનિશ્રીના ભક્તો ત્યાં પણ હશે એની તો અમને કલ્પના પણ ન હતી. પૂ. મુનિશ્રીની પાછળ પાછળ ફ્રાન્સના, જર્મનીના અને અન્ય દેશોના કેટલાય ભક્તો અને તમારા જેવા યુવાનો દોડી જ રહ્યા હતા."

ફ્રાન્સમાં કેટલાય આત્માઓ યોગની સાધના કરી રહ્યા છે અને આચાર્ય હંસાનન્દના કેટલાય આશ્રમો છે તેનો પૂ. ગુરુદેવશ્રીએ ઉલ્લેખ કર્યો ત્યારે સહુને નવાઈ લાગી.

ત્યાર બાદ મુંબઈમાં જ The Temple of Understanding ના વિચારોને અનુલક્ષીને સર્વધર્મોને જીવંત કરતું એવું એક મંદિર સર્જાય તે ઉપર પોતાના વિચારો વ્યક્ત કરતાં સર્વોદય હોસ્પિટલના કમ્પાઉન્ડમાં જ સર્વોદય પાર્શ્વનાથની બાજુમાં જ શ્રી કાન્તિભાઈના ઉત્સાહ અને પરિશ્રમથી તૈયાર થતા કમળ મંદિરનો પૂ. ગુરુદેવશ્રીએ ઉલ્લેખ કર્યો.

---

[ અનુસંધાન પાનું ૨૦૪ નું ચાલુ ]

Mrs. H. Roche
2 Rue Vassi
Lyon 6–2–69
France

Dear Maharaja,

Thank you so much for your warm hearted letter. I will keep this letter preciuosly, and I'll read it quite often. You see, dear Maharaj, some time I feel so tired and sad! How, difficult it's to become a correct and harmonious person.

This morning, a friend of mine called me on the phone, and told me how she has been delighted to know you – another friend, explained me how she had been able to forgive an enemy, after having met you.

Our friends loved your kindness and your simplicity and they all felt your loving radiance.

Maharaja, thank you for your coming in France, in Lyon, in my mother's home. I will write you soon a better letter.

I expect to see you in France?, ... or in India?. ... I just do hope, this will be rather soon!

Dear Maharaja, I leave you now and please, receive my respectful and loving feeling.

Rukmini.

* * *

May 22, 1970

Your Holiness:

May I take this opportunity to tell you what a great privilege it was to meet you at the Conference and how deeply indebted we all are to you for the very great contribution you made to this summit meeting ... and above all, for the love, radiance and wisdom you imparted to all around you.

With all good wishes,

Respectfully yours,
Dorothy Rapp.
Executive Assistant
to Mr. Dunne
The Temple of Understanding Inc,

કમળ મંદિરની જૂદી જૂદી પાંખડીઓમાં પ્રભુનું શિલ્પ અને તેમનો ઉપદેશ આલેખાય તો નવ પાંખડીઓમાં વિશ્વના નવધર્મોનો સમાવેશ થાય. આ મંદિરનું ઉદ્દ્ઘાટન શ્રી અને શ્રીમતી બિરલા તથા ટેમ્પલ ઑફ અન્ડરસ્ટેન્ડિંગના શ્રી. પીટર ડનના હાથે થાય તો કેવું સારું ?

આ મંદિરનું કામ અડધા ઉપર થઈ ગયું છે. હવે બાકીનું કામ શ્રી કાન્તિભાઈ પૂરું કરે તેટલી જ વાર છે.

પૂ. ગુરુદેવશ્રીના વિચારો સાંભળી શ્રી અને શ્રીમતી બિરલાને ઘણો આનંદ થયો.

અંતમાં પૂ. ગુરુદેવશ્રીએ જણાવ્યું કે પરિષદ તો થઈ ગઈ પણ પરિષદમાં જે વિચારોનો વિનિમય થયો તેનો પ્રચાર કરવા હિંદુસ્તાનમાં પરિષદો, પરિસંવાદો અને વાર્તાલાપો ગોઠવવાની પણ ઘણી આવશ્યકતા છે. તેના વિના લોકોના માનસમાં વિચારો અને સમન્વયની વિશાળતા નહિ આવે.

પૂ. ગુરુદેવશ્રીએ દર્શાવેલા વિચારોને આકાર આપવાનો શ્રી અને શ્રીમતી બિરલાએ નિર્ણય કર્યો અને પૂ. ગુરુદેવશ્રીના આશીર્વાદ સાથે સહુએ વિદાય લીધી.

## પૂજ્યશ્રીને ચાતુર્માસની વિનંતીઓ

પૂ. ગુરુદેવશ્રી સર્વધર્મ શિખર પરિષદ અને અન્ય દેશોમાં અનેકને પોતાના વિચારોથી રંગીને આવ્યા ત્યારે તેમના વિચારો અને વિશાળ ચિન્તનનો લાભ લેવા અધીરા બનેલા સંઘોમાં પૂ. ગુરુદેવશ્રીને પોતાને ત્યાં પધરાવવા શ્રી ઘાટકોપરના કચ્છી મૂર્તિપૂજક જૈન સંઘે પહેલ કરી અને પરાંઓની જનતાને પૂ. ગુરુદેવશ્રીની વાણીનો અમૂલ્ય લાભ મળ્યો.

એટલામાં વરલી મૂર્તિપૂજક સંઘના ટ્રસ્ટીઓ પૂ. ગુરુદેવશ્રી પાસે આવ્યા. વરલીમાં ચાતુર્માસ કરવા વિનંતી કરી. વરલી ભલે નાનું છે પણ ત્યાંના ભક્તોની ભાવના અને ઉત્સાહ અપૂર્વ છે. પૂ. ગુરુદેવશ્રી વરલી ચોમાસું કરે તો ત્યાંની જનતાને કેટલો બધો લાભ મળે !

ત્યાં, રવિવાર તા. ૭–૬–૭૦ " સુખ ક્યાં છે ?" એ વિષય ઉપર સહકાર નિવાસ, તારદેવમાં પૂ. ગુરુદેવશ્રીનું પ્રવચન પૂરું થયું અને થાણા સંઘના આગેવાન ભાઈઓ ઊભા થયા. પૂ. ગુરુદેવશ્રી તેમની વિનંતીનો સ્વીકાર કરશે એવી શ્રદ્ધાનો દીપક એમના મનમાં ઝળહળતો હતો. થાણા ભલે ઘણું દૂર છે પણ ત્યાંના ભાવિક ભક્તજનો અને ત્યાંનો સંઘ તો પૂ. ગુરુદેવશ્રીની વાટ જ જોઈને બેઠો છે. સંઘવતી શ્રી પોપટભાઈ તો બોલી ઊઠ્યા : " અમારા કલેક્ટર સાહેબ શ્રી કપૂર પણ આપ થાણામાં ચાર મહિના સુધી સતત જ્ઞાનગંગા વહાવો એ માટે વિનંતી કરવા પધારવાના છે. " પોતાની પ્રજા ધર્મના ઉજ્જવળ આધ્યાત્મિક રંગથી રંગાય એવી ભાવના કેટલીકવાર આમ કેટલાક કલેક્ટરોમાં પણ જોવા મળે છે.

અંતમાં ત્રણ ત્રણ સંઘની વિનંતી જોતાં પૂ. ગુરુદેવશ્રીએ થોડા જ દિવસો પછી પોતાનો નિર્ણય જણાવવાની જાહેરાત કરી.

## ✻ સમાચાર સાર ✻

ઘાટકોપરથી પૂ. ગુરુદેવશ્રી વિહાર કરી ચેમ્બુર થઈ વરલી પધાર્યા. વરલી ઉપર આવેલ ગ્રીન લોન સ્કૂલમાં થોડા દિવસ સ્થિરતા કરી. શાંતિભર્યા નૈસર્ગિક વાતાવરણમાં આરાધના કરતાં બે રવિવારે બે પ્રવચનો આપ્યાં, અનેકે લાભ લીધો.

વરલી શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘની વિનંતી સ્વીકારી શુદ્ધ મંદિર પાસે આવેલ વરલી ઉપાશ્રયમાં શનિવાર તા. ૬–૬–૭૦ પૂ. ગુરુદેવશ્રીએ પ્રવચન આપ્યું. ત્યાંથી વિહાર કરીને સહકાર નિવાસ, તારદેવના કમ્પાઉન્ડમાં રવિવાર તા. ૭–૬–૭૦ " સુખ ક્યાં છે ?' તે ઉપર પ્રવચન આપ્યું.

સોમવારે તા. ૮–૬–૭૦ સવારે તારદેવ ઉપર આવેલ સહકારી વિદ્યામંદિરના સત્રનું ઉદ્દ્ઘાટન કર્યું અને બાળકોને પ્રેરણાદાયી મંગળ પ્રવચન આપ્યું.

શ્રી કોટ જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક તપાગચ્છના તથા શ્રી લોકાગચ્છના અત્યંત આગ્રહથી પૂ. ગુરુદેવશ્રીએ કોટ તરફ વિહાર કર્યો.

કોટમાં પધારતાં ખાદીભંડાર આગળ શ્રી શાન્તિનાથ જૈન સંઘના ટ્રસ્ટીઓ શ્રી નવીનચંદ્રભાઈ કંપાણી, શ્રી રણછોડભાઈ તથા ભાઈબહેનોએ ભવ્ય સ્વાગત કર્યું અને ઉપાશ્રયે પધારી પૂ. ગુરુદેવશ્રીએ માંગલિક સંભળાવ્યું અને બીજે દિવસે તા. ૧૧–૬–૭૦ સવારે માનવમેદનીથી ચિક્કાર ભરેલા હોલમાં ' દિવ્ય દષ્ટિ ' ઉપર પ્રવચન આપ્યું અને વિચારપ્રધાનમાંથી માનવીએ વિવેકપ્રધાન કેમ બનવું તે ઉપર પ્રકાશ પાડ્યો.

When Bhagwan Mahavir was preparing to renounce the world, Nandivardhan his elder brother asked him, " Brother, why do you want to leave your kingdom with all the honour and glory attached to it and instead hide yourself in the obscurity of the forest ?"

Lifting his eyes which gleamed with fulfilment, to the sky, Bhagwan Mahavir answered : "He whose kingdom stretches beyond the sky, how can he pass his time in the dust ? He who would rule over himself spiritu ally, how can he rule over others physically ?"

"The Beacon" by : **Chitrabhanu**


# "SANGHVI BRAND"

INDUSTRIAL QUALITY COPPER,
BRASS SHEETS AND STRIPS :

*Buy the Best.*

Manufacturers :

# THE P. T. C. SANGHVI CO.

110, Shivaji Nagar, POONA-5.

Grams : 'SANGHVICO' Phone : 56578 (P. B. X.)

Sole Selling Agents: 54198

# M/s. ALLIED METAL COMPANY.

94, Kansara Chawl, Bombay-2.
Phone No. 331263 and 334979
GRAM : " BRASSTRIP "

# ❋ માનવ માનવથી દૂર ❋

નેપોલિયનની કબરથી થોડે જ દૂર એક મોટા બગીચામાં એક માળનું મોટું મકાન ઊભું છે. ઘાયલોનું એ નિવાસસ્થાન છે. આ મકાનના વિશાળ ભોંયતળિયામાં બીજા વિશ્વ-યુદ્ધમાં ઘાયલ થયેલા સેંકડો મનુષ્યો પોતાની જિંદગીનાં બાકી રહેલા વર્ષો વીતાવે છે. દિવસભર ભોંયરામાં રહે, સાંજે કે સવારે મન લાગે ત્યારે બગીચામાં ફરવા આવે.

અમને એ બગીચામાં જવાની મનાઈ કરવામાં આવી ત્યારે મેં એનું કારણ પૂછયું ત્યારે તેના દ્વારપાળે કહ્યું :

આ સૈનિકો હવે કોઈ માણસને મળવા કે જોવા માગતા નથી. માનવીના લોભ અને અહંકારને કારણે યુદ્ધો થાય છે. યુદ્ધ માણસને આમ બેડોળ, અપંગ, અસહાય અને બિહામણા કરે છે. કોઈનું નાક નથી તો કોઈનો કાન નથી, કોઈનું મોં કપાયેલું છે તો કોઈનું કપાળ ફૂટેલું છે અને હાથપગ વગરના તો કેટલાય છે.

યુદ્ધની ક્રૂરતાના ભોગ બનેલા આ માણસો કહે છે: "પ્રવાસીઓને કહો કે અમારાથી દૂર રહે, અમને અહીં શાન્તિથી જીવવા દે. શબ્દોની દયા બતાવી અમારા દુઃખમાં વધારો ન કરે." પાદરીઓ જાય તો કહેવડાવે : "ના, અમારે હવે તમારી પ્રાર્થનાઓ નથી સાંભળવી. દુનિયા પર આટલા ધર્મો અને ધર્માચાર્યો હોવા છતાં કોઈ યુદ્ધ બંધ કરવામાં સફળ નથી થયું. અરે ! ધર્મો જ ધર્મના નામે લડતા હોય ત્યાં એ બીજાને શાન્તિ ક્યાંથી આપે ? અમને બીજાની નહિ, અમારી પોતાની પ્રાર્થનાથી જ શાન્તિ મળશે."

**ચિત્રભાનુ**

(અનુસંધાન કવર પેજ બે ઉપરથી)

જાળવણી સાથે બહારના આચારવિચારોમાં વિચાર અને વિવેક પછી થોડાક પરિવર્તનો સમાજને હીતકારી બની રહે છે. કેટલીકવાર તો એ મૂળ સિદ્ધાંતને પ્રચારવામાં અને વિકસાવવામાં સહકારી બની રહે છે.

આજે વિશ્વનો મોટો ભાગ જૈનધર્મથી અને મહાવીરથી અજ્ઞાત રહે તે મહાવીરનો સંતાન કેમ સહન કરી શકે છે તેજ મને સમજાતું નથી.

આપણા જૈનો વ્યાપાર અને ધંધાના વિકાસ માટે યુરોપ અને અમેરિકા સુધી જઈ શકે તો આપણા સિદ્ધાંતોના પ્રચાર માટે શા માટે નહિ ? શું ધંધો ધર્મ કરતાં પણ મહત્વનો છે ?

પણ સાચી વાત છે કે આપણી વણિકવૃત્તિએ વ્યાપારને જેટલું મહત્વ આપ્યું છે એટલું આધ્યાત્મિકતાને નથી આપ્યું અને એથી જ કરોડોની જૈનોની સંખ્યા ઘટતાં ઘટતાં આંગળીના વેઢે ગણાય એટલી માત્ર લાખોમાં આવી ઊભી છે. હજુ કયાં પહોંચશે તે સમજાતું નથી. પણ તમારા જેવા આશાવંત અને ધર્મપ્રેમીઓના પ્રેરણાદાયી પત્રો અને પરિચયો મેળવું છું ત્યારે લાગે છે કે ભાવિ જરૂર ઉજ્જવળ હશે.

મહાવીરના સિદ્ધાંતોના પ્રચારમાં ખૂબ આગળ વધો તેવી શુભેચ્છા.

**ચિત્રભાનુ**

મુદ્રક, પ્રકાશક અને માનાર્હ સંપાદક શ્રી ચંદુલાલ ટી. શાહે, લિપિની પ્રિન્ટરી મુંબઈ નં. ૨ માં છપાવી, ડીવાઈન નોલેજ સોસાયટી (દિવ્ય જ્ઞાન સંઘ) માટે 'ક્વીન્સ વ્યૂ' ૨૮/૩૦, વાલકેશ્વર મુંબઈ નં. ૬ માંથી પ્રગટ કર્યું છે.